**સુરત મહાનગરપાલિકા**
**હાઈડ્રોલિક વિભાગ**

## પ્રેસનોટ

## ન્યુ નોર્થ ઝોન પાણી પુરવઠા યોજના હેઠળ નવા પૂર્વ (સરથાણા) ઝોન-બી વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ ઉત્રાણ ખાતે આવેલ ઓવરહેડ ટાંકીની બાયપાસ સીસ્ટમ કાર્યરત કરવાની કામગીરી, મોટા વરાછા ખાતે આવેલ ૩૨ એમ.એલ.ડી ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ક્લેરીફ્લોક્યુલેટર યુનિટના ડીસઈન્ફેક્શનની કામગીરી તથા નેટવર્ક મરામત ની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, તા.૦૨/૦૭/૨૦૨૪ ના રોજ નીચે દર્શાવેલ વિસ્તારોને પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો મળે તેમ નથી તેમજ તા.૦૩/૦૭/૨૦૨૪ ના રોજ પાણી પુરવઠો અંશતઃ મળે/ ઓછા પ્રશરથી મળે તેમ હોય, સદરહુ વિસ્તારની અંદાજીત ૩.૫૦ લાખ વસ્તીને અસર થનાર છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારોના નામો |
|---|---|---|
| ૧ | M-1<br>( સેન્ટોસા હાઈટસપાસે ઉત્રાણ ) | ઉત્રાણ ગામતળનો વિસ્તાર તેમજ ઉત્રાણ વી.આઈ.પી.સર્કલની આસપાસનો ટી.પી. વિસ્તાર. |
| ૨ | M-2<br>(સી.એન.જી. પમ્પ પાસે મોટા વરાછા) | સુદામા ચોકથી ગોલ્ડન સ્કેવર થઈ મહારાજા ફાર્મ સુધીનો વિસ્તાર, મહારાજા ફાર્મથી રામચોકનો આસપાસનો વિસ્તાર અને રામચોકથી સુદામા ચોક સુધીનો વિસ્તાર |
| ૩ | M-3<br>( મોટા વરાછા કબ્રસ્તાન પાસે ) | મોટા વરાછા ગામતળ, મોટા વરાછા કબ્રસ્તાનથી અબ્રામા ચેક પોસ્ટ સુધી તથા મોટા વરાછા કબ્રસ્તાનથી સવજી કોરાટ બ્રીજ સુધીનો સમગ્ર વિસ્તાર તેમજ રાધે ચોકથી રામચોક સુધીનો સમગ્ર વિસ્તાર અને પેડર રોડનો સમગ્ર વિસ્તાર. |
| ૪ | M-4<br>( મહાદેવ ચોક સવજી કોરાટ બ્રીજ પાસે મોટા વરાછા ) | મોટા વરાછા ગામતળ, સેટેલાઈટ મેઈન રોડ, મહાદેવ ચોકથી લજામણી ચોક સુધીનો સમગ્ર વિસ્તાર તથા સુદામા ચોકથી યમુના ચોક સુધીનો સમગ્ર વિસ્તાર. |

ઉપરોક્ત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.